**<u>રાજકોટના મહે. ત્રીજા અધિક ચીફ જયુડી.મેજી. સાહેબદની કોર્ટમાં,</u>**

**<u>ફોજદારી કેસ નં. ૫૭૨૩/૧૯૯૭</u>**

**<u>:: આંક– ૧ નીચે હુકમ ::</u>**

(૧) વિ.એ.પી.પી.શ્રીની આંક– <u>૨૯</u> ની પુરશીશ તથા જિલ્લા કલેકટરશ્રીનો તા. ૨૩–૦૧–૨૩ ના રોજનો આદેશ નં. જે–એકસ–પોલીસ કેસ– ફા. નં. ૨૪૦/૨૩ ધ્યાને લીધો, રોકર્ડ જોતા પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચત કરી શકાતી નથી. આમ પ્રસ્તુત કેસ ઘણો જુનો છે, જેથી હવે ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફિકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ધ્યાન આપી શકાતુ ન હોય, આવા કેસોના ભરાવાનું ભારણ ઓછુ થાય અને ઈફિકટીવ કેસ તરફ પુરતુ ધ્યાન આપી શકાય, તેવા શુભઆશય સાથે આ કેસની ઈન્સાફી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે આ ફોજદારી કેસ પરત ખેંચવા આસીસ્ટંટ પબ્લીક પ્રોસીકયુટરને પરવાનગી આપવામાં આવે છે અને આ કેસમાં પુરાવો નોંધાયેલ ન હોય, આરોપીને બિન–તહોમત મુકત કરવા આદેશ કરવામાં આવે છે.

મુદામાલનો અગાઉ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને હુકમ કરેલ ન હોય તો, મુદામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નિકાલ કરવો.

જો રોકડ મુદામાલ હોય તો તે શ્રી સરકાર જમા કરવો.

કેસ રજીસ્ટ્રારે હુકમની નોંધ કરવી.

આજ રોજ નેશનલ લોક અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૨/૨૦૨૩

((એમ. જે. બ્રહમભટ્ટ))
ત્રીજા અધિક સિનિ. સીવીલ જજ
રાજકોટ.
UNIQ I D GJ 00754